મે ૨૦૧૨ વર્ષ ૫, અંક ૩

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES

ONE WORLD ONE HUMANITY





## પૂ.માસ્ટરનો અહેવાલ

૧૮ મી ફેબ્રુઆરી, શનિવારના રોજ, પૂ.માસ્ટર ગાયત્રી પરથી લગભગ ૧૦.૩૦ વાગ્યે આશ્રમ પર આવ્યા હતા. સત્સંગ હમણાં જ પૂરો થયો હતો અને અભ્યાસીઓ તેમનું સ્વાગત કરવા લાઈનમાં ઊભા રહ્યા હતા.

પૂ.માસ્ટરે તેમની ઓફિસમાંથી સીસીટીવી દ્વારા આઈટી વર્કશોપનાં કાર્યો નિહાળ્યાં હતા. તેમણે ભાઈ કમલેશ અને ભાઈ પી.આર.ક્રિષ્નાએ આપેલાં વકતવ્યો સાંભળ્યાં હતાં. તેમણે બધાં જ વકતવ્યો આતુરતાપૂર્વક સાંભળ્યાં હતાં અને પ્રશ્નો પૂછ્યા હતા. સાંજના ભોજન પછી, માસ્ટરને જણાવાયું કે બીજે દિવસે સત્સંગ પછી, કેટલીક ડીવીડીઓનું વિમોચન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. માસ્ટરે જવાબ આપ્યો, "કૃપા કરીને, ઓડિયો–વિડિયોના વિમોચન કરવાનું કોઈ બીજાને સોંપો. હવેથી હું માત્ર પ્રાણાહુતિ આપવા જ આવીશ. હું એક ટેલીગ્રાફ ટપાલ જેવો છું, જેનો ઉપયોગ પ્રસારણ કરવા માટે થાય છે." ૧૯ મી ફેબ્રુઆરી, રવિવારના રોજ પૂ.માસ્ટરે સવારનો સત્સંગ કરાવ્યો અને તે પછી પબ્લીકેશન ટીમે કેટલીક ઓડિયો વિડિયોનું વિમોચન કર્યું.

## નોર્થ અમેરિકન સેમિનાર

૨૦ ફેબ્રુઆરી, સોમવારથી, નોર્થ અમેરિકન સેમિનારની શરૂઆત થઈ હતી. તબિયત સારી ન હોવા છતાં, પૂ.માસ્ટરે સવારનો સત્સંગ કરાવ્યો હતો. સાંજે, યુએસએથી આવેલા નવા અભ્યાસીઓનું એક જૂથ હોલમાં એકત્રિત થયું હતું. એમને મળીને માસ્ટર ઘણા ખુશ થયા હતા અને પ્રેરણાજનક વકતવ્ય આપ્યું હતું, જેનાથી દરેક જણનાં દિલ જીતાઈ ગયા હતા. અમેરિકન સેમિનારના અઠવાડિયા દરમિયાન, પૂ.માસ્ટર દરરોજ સવારે ત્રણ પ્રશિક્ષકો તૈયાર કરતા હતા. તેમના માટે તે કાર્ય ખૂબ થકવી નાખનારું હતું. થાકેલા અને ઠીક ન હોવા છતાં તેઓ અવિરત કાર્ય કરી રહ્યા હતા.

૨૧ મી ફેબ્રુઆરી ને મંગળવારે માસ્ટરે મેડિટેશન હોલમાં એજીએમની મીટીંગમાં હાજરી આપી હતી અને "તમારું સંપૂર્ણ હૃદય આપો" શીર્ષક હેઠળ પ્રભાવશાળી વકતવ્ય આપ્યું હતું. એ વકતવ્યમાંના કેટલાક નમૂના:

સહજમાર્ગમાં આપણું મૂલ્યાંકન આપણા પ્રયત્ન દ્વારા થાય છે, આપણે શું પ્રાપ્ત કરી શકીએ છીએ, તેના દ્વારા નહીં.

- પ્રેમ આપવા માટે કોઈ જ કિંમત ચૂકવવી પડતી નથી પણ આપણે પ્રેમને જ પકડી રાખીએ છીએ.
- ઈશ્વરે આપણને આનંદ માણવા માટે કશું જ નથી આપ્યું. પાંચમાંથી કોઈ પણ ઈન્દ્રિયને આનંદ કરવાના ઉપયોગ માટે નથી આપી. પાંચે ઈન્દ્રિયો આપણને જીવન દરમિયાન માર્ગદર્શન આપવા માટે છે.
- આધ્યાત્મિકતા તમારા હૃદયને અતૂટ રાખવામાં મદદ કરે છે.

૨૨ મી ફેબ્રુઆરીના રોજ બુધવારે પૂ.માસ્ટરને સમાચાર મળ્યા કે બહેન કસ્તુરીનું અવસાન થયું છે. તેઓ ઘણા દુ:ખી હતા, એક યુવાન અભ્યાસી પણ હૈદ્રાબાદ આશ્રમમાં પડી ગયો હતો અને મૃત્યુ પામ્યો હતો.

સેમિનારના એ અઠવાડિયાના દિવસો દરમિયાન, એક દિવસ સૂતાં પહેલાં જ માસ્ટરે કહ્યું, "લાગે છે કે મારા માટે આ 'શિવરાત્રિ' નીવડવાની છે." એનો અર્થ કે તેમને સારી ઊંઘ નહીં આવે. બીજે દિવસે માસ્ટરના ડોકટરે કહ્યું કે તેઓ આખી રાત ઊંઘ્યા જ નથી. હંમેશ મુજબ, પૂ.માસ્ટરને મળવા ઈચ્છતા અભ્યાસીઓનો એકધારો પ્રવાહ ચાલુ રહ્યો હતો અને જ્યારે પણ શક્ય હોય, ત્યારે તેઓ અભ્યાસીઓને મળવાનો પ્રયત્ન કરતા હતા.

૧ લી માર્ચને ગુરૂવારે, માસ્ટર જ્યારે નાસ્તો કર્યા પછી વાતો કરી રહ્યા હતા ત્યારે આર્થર કોએસ્ત્લેરે લખેલાં કેટલાંક પુસ્તકોનો ઉલ્લેખ કરતાં અને એની ભલામણ કરતાં તેમણે કહ્યું હતું:

- તમે વસ્તુઓને એ રીતે જુઓ છો, જે રીતે તેને જોવાની રીત તમને શીખવવામાં આવે છે. વિચારોથી ઉપર ઉઠવા માટે તમારે વિગ્નાન, કળા વગેરેને જાણવાની જરૂર છે, તમારે એમાંનું બધું જ જાણવાની જરૂર નથી, પરંતુ એનું સ્થાન ઓળખવાની જરૂર છે.
- કરૂણ ઘટનાઓ માનવીમાંથી જે ઉત્તમ હોય, તેને બહાર લાવે છે, કારણ કે



યાતનાઓ એવું કરે છે. પ્રહસન એનાથી ઉલ્ટું કરે છે – માનવીમાંથી બદતર બહાર લાવે છે.

♦એટલું ખરાબ કશું જ નથી કે એમાં કંઈ સારું જ ન હોય અને એવું જ એનાથી ઉલ્ટું, એટલું સારું કશું જ નથી કે એમાં કંઈ ખરાબ જ ન હોય. જો એક હોય, તો બીજું પણ ત્યાં હોય છે જ.

૩ માર્ચને શનિવારે, બોસ્ટનથી આવેલા એક યુવકને પ્રશિક્ષક માટે તૈયાર કરવામાં આવી રહ્યો હતો. માસ્ટરે તેને કહ્યું, "હું તને પ્રશિક્ષક બનાવું તે પહેલાં, હું તને ચેતવવા માગું છું. તારા ઉત્સાહમાં આવી જઈને, વિવેક બુધ્ધિનો ઉપયોગ કર્યા વગર, બધાને સહજમાર્ગમાં તું લાવીશ નહીં. જેમ કે જો કોઈ વ્યક્તિ ડ્રગનો બંધાણી હોય, તો તું એમ ન વિચારતો કે સીટીંગ આપીને હું એની મદદ કરું. તારે એવા દયાળુ બનવાની જરૂર નથી; (બાબુજી મહારાજનો ફોટો બતાવીને) તેમને દયાળુ બનવાનું છે."

## ઈરાનિયન સેમિનાર

૫મી માર્ચે, સોમવારે, ઈરાનિયન સેમિનાર શરૂ થયો હતો અને ફક્ીએ માસ્ટરે ડોરમેટરી 'એ' માં સત્સંગ કરાવ્યો હતો. સીટીંગ પછી માસ્ટરે કહ્યું હતું પોતાની તબિયત સારી ન હોવાથી તેઓ વકતવ્ય આપી શકશે નહીં. તે પછી, કેટલાક ઈરાનિયન અભ્યાસીઓએ માસ્ટરને ભેટો આપવાનું શરૂ કર્યું હતું. તેઓ લાગણીવશ થઈ ગયા હતા. ત્યારે એવું લાગતું હતું કે માસ્ટર તેમનો વિચાર બદલશે અને વકતવ્ય આપશે. ઘણાની આંખમાં આંસુ આવી ગયાં હતાં. માસ્ટરનો અવાજ પણ અતિશય નરમ થઈ ગયો હતો અને કંઈક વિશિષ્ટ પ્રાણાહુતિ વહન થઈ રહી હતી. માસ્ટરે કહ્યું, "હું વકતવ્ય આપવાનો ન હતો કારણ કે મને ઠીક નથી પણ તમારા ઉત્કટ પ્રેમે મને બોલવા પ્રેર્યો છે." રૂમમાં હતા, લગભગ એ બધા જ રડતા હતા. માસ્ટરે કહ્યું, "જ્યારે કોઈ આ રીતે રડે છે, ત્યારે તે એમનાં હૃદયની નરમ બનવાની નિશાની છે અને એ સમયે, બીજાએ જઈને એ વ્યક્તિને દિલાસો આપવો અથવા તેમને ન રડવા માટે કહેવું, તે એના માટે યોગ્ય નથી." માસ્ટરે કહ્યું, સમગ્ર સહજમાર્ગ અભ્યાસ આ રીતે હૃદયને નરમ બનાવવામાં પરિણમવો જોઈએ. શરૂઆતના વર્ષોમાં આંસુ આવે છે, પણ એ પછી આંસુ વગર પણ નરમ પડવાનું, ચાલુ રહેવું જોઈએ; હૃદયનું નરમ પડવાનું ક્યારેય અટકવું જોઈએ નહીં. આ કાર્યક્રમ પછી, માસ્ટર ગાયત્રી ગયા હતા. ૯મી માર્ચે, શુક્રવારે, બધા જ ઈરાનિયન અભ્યાસીઓને તેમણે સાંજના જમણ માટે ગાયત્રી પર આવવા આમંત્રણ આપ્યું હતું.

૧૦ મી માર્ચે, શનિવારે, પૂ.માસ્ટર લગભગ ૮.૪૫ વાગ્યે આશ્રમ આવ્યા હતા. ડોરમેટરી 'એ'માં ઈરાનિયન અભ્યાસીઓને સત્સંગ કરાવ્યા પછી પૂ.માસ્ટરે કહ્યું, "હકીકતમાં હું માત્ર વકતવ્ય આપવાનું જ વિચારતો હતો, પણ અહીં આ ઈરાનિયન મહિલા ધ્યાન શરૂ કરવા ઈચ્છતી હતી એટલે મેં બધાને જ સીટીંગ આપી. જુઓ, આપણે યોજના કંઈક ઘડીએ છીએ અને એ કેવી બદલાઈ જાય છે. આપણે પશ્ચિમના લોકોની જેમ વધારે પડતી યોજના ન કરવી જોઈએ. પણ પ્રવાહની સાથે જવા માટે તૈયાર રહેવું જોઈએ." ત્યાર પછી તેમણે નદી વિષે કહ્યું હતું. નદી જેમ જેમ આગળ જાય તેમ તેમ એનો માર્ગ બનાવતી જાય છે અને આગળને આગળ વહ્યા જ કરે છે. આપણું જીવન પણ એવું જ હોવું જોઈએ. આપણે છેક ઉપરથી શરૂઆત કરવી જોઈએ, પ્રેમના, વિશ્વાસના વગેરેના ઉચ્ચ આદર્શો સહિત અને તે પછી જ નિમ્નતમ સ્તરોએ તેને વહેવા દેવું જોઈએ, કે જેથી તે દરેક સુધી પહોંચે અને તેમ કરવામાં આપણે પોતાના આદર્શોમાં બાંધછોડ કરવાની નથી.

સાંજે, કેરાલાના ઝોનલ આશ્રમ પર માસ્ટરે વિડિયો જોયો હતો અને તેમણે કહ્યું કે આશ્રમનું ઉદ્દઘાટન એ ક્ષણથી જ થઈ ગયું છે અને અભ્યાસીઓ એનો ઉપયોગ કરવાનું શરૂ કરી શકે છે.

## મુક્તિ વિષે

૧૧ મી માર્ચે, રવિવારે, સવારના સત્સંગ પછી, તેમના રૂમમાં વાતો કરતી વખતે માસ્ટરે કહ્યું હતું કે બાળકો માટે દરેક અનુભવ નવો અને આશ્ચર્યથી ભરપૂર હોય છે. "ઘણાં વર્ષો વીત્યા પછી હું તે શીખી રહ્યો છું," તેમણે ઉમેર્યું, "ના, હું મજાક નથી કરતો. આધ્યાત્મિકતાએ મને પોતાને બનતાં શીખવાડ્યું છે. આધ્યાત્મિકતાએ મને શીખવાડ્યું છે કે જ્યાં સુધી હું પોતે છું, ત્યાં સુધી હું વિકાસ પામી શકીશ નહીં." ત્યાર પછી વાતનો વિષય મુક્તિ તરફ બદલાયો અને અભ્યાસીઓ તરફથી પોતાની જાતને એમણે કેવી રીતે મુક્ત કરી છે, તે વિષે કહ્યું હતું. તેમણે કહ્યું હતું, "મને લાગ્યું હતું કે મારા અભ્યાસીઓ માટે હું જવાબદાર હતો. એટલા જ માટે, લાક્ષણિક ઢબે કહું, તો મારા અભ્યાસીઓ માટે મેં મારી જાતને ખર્ચી નાખી, પણ એક સમયે, મને લાગ્યું કે મારી જવાબદારી મારા ગુરૂજીને એ બતાવવાની હતી કે મારા કાર્ય દ્વારા હું શું બની શકું તેમ છું, એ નહીં કે હું શું નિર્માણ કરી શકું તેમ છું. અને આમ મેં મને મારા અભ્યાસીઓથી મુક્ત કર્યો છે. પછી મારા ઉત્તરાધિકારીની સમસ્યા ઉભી થઈ, હું ચિંતા કરતો હતો કે મારા પછી શું થશે? એક દિવસ, મેં કહ્યું, મેં તે કરી દીધું છે. મેં તે એને હવાલે કરી દીધું છે, જવાબદારી સંભાળી લેવી, એ એની સમસ્યા છે અને હું એનાથી મુક્ત થઈ ગયો."

૧૭ મી માર્ચે, શનિવારે, નાસ્તો કર્યા પછી, ચિત્તુરથી આવેલા લગભગ ૫૦૦ અભ્યાસીઓને મળવા માટે પૂ.માસ્ટર ડોરમેટરી 'એ'માં ગયા હતા. ૧૮ મી માર્ચે, રવિવારે, પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો અને ત્યાર પછી તેઓ વિલ્લુપુરમથી આવેલા અભ્યાસીઓના જૂથને મળ્યા હતા. તેમણે સાત એકર જમીન ખરીદવાની માગણી કરી હતી, જેમાં આશ્રમ માટે અને બાકીની જગ્યા અભ્યાસીઓ માટે કોલોની બનાવવા માટે હશે. માસ્ટરે 'સ્ટાર વોર' ફિલ્મ જોઈ હતી અને કહ્યું હતું કે તેમને એમાંના એક યોડાનો સંવાદ ગમ્યો હતો. "ડર અંધકાર તરફ લઈ જાય છે કારણ કે ડર ગુસ્સા તરફ લઈ જાય છે. ગુસ્સો નફરત તરફ લઈ જાય છે, નફરત યાતનાઓ તરફ લઈ જાય છે કે જે અંધકાર તરફ લઈ જાય છે." સાંજે ગુજરાતથી આવેલા અભ્યાસીઓ કોટેજમાં એકત્રિત થયા હતા. પોતાની શ્વસનની કસરત છોડી, માસ્ટર તેમને સીટીંગ આપવા આવ્યા હતા. તેઓ ધીરજપૂરવક દરેક જણને મળ્યા હતા અને એમની વિનંતીઓને ઉદ્દેશીને બોલ્યા હતા.

૨૧ મી માર્ચે, બુધવારે, માસ્ટરે એક આંબાના છોડને આંબાવાડિયાની એક તરફથી બીજી તરફ રોપવાની યોજના કરી હતી. તેમણે પોતે જાતે ખાતરી કરી લીધી હતી કે બધી જ સાવચેતીઓ લેવાઈ ગઈ છે કે જેથી છોડને કોઈ જ નુકશાન ન થાય. ૨૫ મી માર્ચે, ઓમેગા સ્કૂલમાંથી આવેલા બારમા ધોરણના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓને માસ્ટર મળ્યા હતા કે જે આ વર્ષે પાસ થવાના હતા. તેમણે એમની સાથે વાતો કરી હતી, એમની સાથે નાસ્તો કર્યો હતો અને

એમની સાથે ફોટો પણ પડાવ્યો હતો. બીજે દિવસે માસ્ટર ગાયત્રી ગયા હતા અને ત્યાં એક અઠવાડિયું રહીને શનિવારે આશ્રમ પર પાછા આવ્યા હતા.

## “દરેક સત્સંગ વ્યક્તિગત સીટીંગ જેવો હોવો જોઈએ”

૧ લી એપ્રિલે, રવિવારે, માસ્ટરે તલ્લીનતાની અનુભૂતિ કરાવનારો સત્સંગ કરાવ્યો હતો. તેઓ હોલમાંથી બહાર ગયા, ગોલ્ફ કાર્ટમાં બેઠા અને તે પછી લાંબા વાયરવાળો માઈક્રોફોન મંગાવ્યો હતો. ‘સમૂહ સીટીંગો આપવાની કળા’ પર ટૂંકું વક્તવ્ય આપતા તેમણે કહ્યું હતું કે જ્યારે તેઓ સીટીંગ આપી રહ્યા હતા ત્યારે તેમને એ વિચાર આવ્યો હતો કે પ્રશિક્ષકોએ એવો સત્સંગ કરાવતાં શીખવું જોઈએ કે જેમાં દરેક અભ્યાસીને વ્યક્તિગત સીટીંગનો અનુભવ થાય. તેમણે કહ્યું હતું કે ભાઈ કમલેશ પટેલે આવું કરવું પડશે અને હવે પછીના રવિવારના સત્સંગો તેઓ કરાવશે. વધુમાં, માસ્ટરે કહ્યું હતું, “અલબત્ત, હું છું. હું કોઈ કોઈ વાર સીટીંગો આપવા આવીશ પણ ખરો. પણ રવિવારે કદાચ નહીં; કદાચ રવિવાર સિવાયના દિવસે આવીશ. માટે તૈયાર રહો!” તેમણે આ વિનયપૂર્વક તમિલમાં ફરીથી કહ્યું હતું અને ત્યાર પછી તેઓ ત્યાંથી ગયા હતા.







અનૌપચારિક એક ચર્ચામાં, એક બહેને ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે જે ધ્યાન કરે છે, તે વ્યક્તિમાં આંતરિક સુંદરતા કેવી રીતે જોઈ શકાય. માસ્ટરે એનું સ્પષ્ટીકરણ કર્યું હતું કે એવું નથી કે વ્યક્તિ જ્યારે ધ્યાન કરે ત્યારે વધારે સુંદર બને છે. તે એવું છે કે જેમાં વ્યક્તિની આંતરિક દિવ્યતાને જોઈ શકાય છે અને તે પ્રકાશે છે. તેમણે આવો દેખીતો બદલાવ જોયો હતો, જ્યારે એક અભ્યાસી ફક્ત એક જ સીટીંગ પછી તદ્દન જુદો દેખાતો હતો.

## “સ્મરણ માસ્ટરને આકર્ષે છે”

૨ જી એપ્રિલે, સોમવારે, કાનપુરથી આવેલા લગભગ ૬૫૦ અભ્યાસીઓનો એક અઠવાડિયાનો સેમિનાર શરૂ થયો હતો અને માસ્ટર ડોરમેટરી ‘એ’માં ગયા હતા અને ત્યાં સત્સંગ કરાવ્યો હતો. ત્યાં થોડા ઈરાનિયન અભ્યાસીઓ પણ હતા, તેઓ માસ્ટરને મળ્યા હતા. એક અભ્યાસીએ પૂછ્યું હતું, “જ્યારે અમે પાછા જઈએ, પછી માસ્ટરનું ધ્યાન અમારી તરફ રહે, એ માટે અમારે શું કરવું જોઈએ?” માસ્ટરે જવાબ આપ્યો હતો. “ગુલાબ કેવી રીતે આકર્ષે છે – એની સુંદરતા અને સુવાસથી; બાળક એની માતાને કેવી રીતે આકર્ષે છે – પ્રેમથી; અભ્યાસી માસ્ટરને કેવી રીતે આકર્ષે છે – પોતાની આધ્યાત્મિક હાલતથી.” માસ્ટરે કહ્યું હતું, “આપણી આધ્યાત્મિક હાલત એવી હોવી જોઈએ કે જે માસ્ટરને આપણી સાથે જ રાખે અને આમ કરવાની રીત છે, યોગ્ય રીતે ધ્યાન કરવું અને પછી સતત સ્મરણ કરવું, એ જાણીને કે ધ્યાન કરતાં પણ સ્મરણ વધારે ચડિયાતું છે, વગેરે.” ત્યારે અભ્યાસીએ પૂછ્યું હતું, “સતત સ્મરણથી પરે એ પછી બીજી કઈ અવસ્થા છે?” માસ્ટરે જવાબ આપ્યો હતો, “તમે જ્યારે એ અવસ્થાએ આવશો, ત્યારે હું તમને કહીશ.”

બીજા પ્રસંગે, એક અભ્યાસી બહેને કહ્યું હતું કે સંગીત એનો વ્યવસાય છે પણ તેણીને લાગ્યું કે આ દિવસોમાં માસ્ટરે એનું હૃદય હરી લીધું હતું અને તેથી એ એનું સંગીત હૃદયપૂર્વક વગાડી શકતી નથી અને પૂછ્યું હતું કે શું તેણીએ વ્યવસાય બદલવો જોઈએ?. માસ્ટરે કહ્યું હતું, “એની જરૂર નથી. એને બદલે, જ્યારે તમે એ વગાડો, ત્યારે વિચાર કરજો કે તમારી અંદર માસ્ટર વાંસળી વગાડી રહ્યા છે અને તે પછી તમારા સંગીતનું વાજિંત્ર વગાડજો.”

૬ ઠ્ઠી એપ્રિલે, શુક્રવારે, ભાઈ ક્રિષ્નાએ એક વક્તવ્ય આપ્યું હતું અને માસ્ટરે કોટેજમાંથી સીસીટીવી દ્વારા સાંભળ્યું હતું. વક્તવ્ય પછી, માસ્ટરે ડોરમેટરી ’એ’માં જવાનું નક્કી કર્યું અને સીટીંગ આપી હતી. ત્યાર પછી, તેમણે સેન્ટર ઈન ચાર્જને સૂચવ્યું હતું કે એમનું કાર્ય પૂરું નહતું થયું અને તેઓ બીજે દિવસે બીજી સીટીંગ આપશે. ૭ મી એપ્રિલે, માસ્ટરે હિંદીમાં વક્તવ્ય આપ્યું હતું અને ત્યાર પછી સીટીંગ આપી હતી. તેમણે કહ્યું હતું કે જો તેઓ કાનપુર ગયા હોત, તો તેઓ બધાને ફક્ત બે જ દિવસ માટે મળી શક્યા હોત. પણ હવે અભ્યાસીઓ અહીં આવ્યા છે, તો તેઓ તેમને આખું અઠવાડિયું મળી શકશે. ઘણા અભ્યાસીઓએ તે સપ્તાહમાં સંપૂર્ણ પરિવર્તનનો અનુભવ કર્યો હતો. તેમણે પહેલી સીટીંગ થી છેલ્લી સીટીંગ




સુધીમાંનો તફાવત દેખાયો હતો.

પૂજ્ય માસ્ટરની જાહેરાત પછી રવિવાર, ૮ એપ્રિલના રોજ, એ પહેલો અવસર હતો કે જેમાં રવિવારીય સત્સંગમાં ભાઈ કમલેશ દ્વારા ધ્યાનની બેઠક આપવામાં આવી હોય. સાંજે, પૂજ્ય માસ્ટરે ત્યાં આવેલા અમુક અભ્યાસીઓ જોડે ખૂબજ ખુશ મિજાજમાં ચર્ચા કરી, ત્યાર પછી તેમણે ધ્યાનની બેઠક આપવાનું નક્કી કર્યું અને એમાં ૫–૬ અભ્યાસી એવા હતા જેમની ઉંમર ૧૭–૧૮ વર્ષ હતી અને તેઓ સહજ માર્ગ અપનાવવા માંગતા હતા. જ્યારે તમણે ધ્યાનમાં બેસવા માટે અનુમતિ માંગી, ત્યારે પૂ.માસ્ટરે તેમને ધ્યાનની બેઠકમાં સમાવી લેવા કહ્યું.

## માસ્ટર પ્રત્યે સંવેદનશીલતા અનુભવવી

આજકાલ, આપણે નોંધ લઈએ છીએ કે પૂ.માસ્ટર એમની શારીરિક ઉપસ્થિતિ ન હોય ત્યારે તેઓ અભ્યાસીઓને તેમની આધ્યાત્મિક ઉપસ્થિતિનો અનુભવ કરાવે છે. તેમજ એને સંતુલિત કરવા અભ્યાસીઓની તેમને રૂબરૂ મળવાની ઈચ્છાની પૂર્તિ કરવામાં પણ, અલબત્ત જ્યાં સુધી એમની તબિયત સાથ આપે, ત્યાં સુધી પ્રયત્નશીલ રહે છે. નિયુક્ત થયેલા સ્વયંસેવકો ખૂબજ સારી રીતે તેમની ફરજ બજાવી રહ્યા છે અને વ્યક્તિગત અભ્યાસી તથા અભ્યસીઓનાં સમૂહની ઈચ્છા, પૂ.માસ્ટર સુધી પહોંચાડે છે હતા તથા પૂ.માસ્ટરને મળવાનું આયોજન પણ કરે છે. જ્યાં ખરેખર જરૂર હોય, ત્યાં પૂ. ગુરુજી અભ્યાસીઓને મળે છે અને જ્યાં જરૂર ના લાગે ત્યાં અભ્યાસીઓ તેમનાં મન અને સ્વાસ્થ્ય પર દબાણ ન આપે, એવું તેઓ ઈચ્છે છે. જેઓ પોતે જ પ્રેમનું પ્રતીક છે, તેમને, આપણો તેમના પ્રત્યેનો પ્રેમ, કદાપિ તકલીફ ન પહોંચાડે, એનું આપણે ધ્યાન રાખવું જોઈએ.



## પૂજ્ય બાબુજી મહારાજની જન્મજયંતીની ઉજવણી

પૂજ્ય બાબુજી મહારાજની જન્મજયંતી દેશભરના તમામ સેન્ટરોમાં પૂજ્યભાવ, ઉત્સાહ, આનંદ અને એકનિષ્ઠાથી ઉજવવામાં આવી. પૂ.માસ્ટરની સૂચના મુજબ, આ ઉજવણી બધાં જ આશ્રમોમાં અને સેન્ટરોમાં કરવામાં આવી હતી. અભ્યાસીઓ અપેક્ષા અને આતુરતાની લાગણી સાથે, આ શુભ અવસરમાં ભાગ લેવા ભેગા થયા હતા. વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું અને ઉજવણીનો પ્રસંગ સરખી રીતે પાર પડે, તે માટે તેની યોજના તથા અમલીકરણ માટે ઘણાં અભ્યાસીઓએ ખૂબ મહેનત કરી હતી.

ચેન્નાઈમાં, પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો અને આ પ્રસંગે તેમણે વક્તવ્ય આપ્યું. તેમણે મહાન વિભૂતિઓનું સ્મરણ કરવા ઉજવાતા આવા પ્રસંગોની જરૂરિયાત વિશે કહ્યું. તેમણે કહ્યું કે સ્મરણે આપણને ભૂતકાળમાં ન લઈ જવું જોઈએ પણ જાણે તેઓ આજે, આપણી સાથે હાજરાહજૂર હોય, એવી રીતે આપણે તેમને યાદ કરવા જોઈએ.

બાબુજીના સંદર્ભમાં તેમણે કહ્યું કે આપણે તેમના જીવનનું પણ સ્મરણ કરવું જોઈએ, તેમજ તેઓ કેવી રીતે જીવ્યા, તેમની સાદગી પણ યાદ કરવી જોઈએ.

પૂ.માસ્ટરે 'વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ'ના ચોથા ભાગનું વિમોચન કર્યું. 'વ્હિસ્પર્સ' શીર્ષકની નવી એમપી–૩ સીડી છે, જેમાં પુસ્તકમાંથી જ પસંદ કરવામાં આવેલા સંદેશાઓ વાંચવામાં આવ્યા છે, તે સીડી માંથી કેટલાંક સંદેશાઓ સંભળાવવામાં આવ્યા હતા.

અમે ફોટાઓનો વિશેષ વિભાગ પ્રસ્તુત કરીએ છીએ – જેથી તમને જુદા જુદા સેન્ટરોમાં યોજાયેલા સંમેલનો વિશે ખ્યાલ આવશે.


ભિલવાડા


આલુવા


અજમેર


અલીગઢ


જોધપુર

# એકોઝ ઈન્ડિયા ન્યુઝલેટર


દહેરાદૂન


દાવનગિરિ


કોલાર


શ્રીગંગાનગર


બિકાનેર


મદુરાઈ


બેંગલોર


કાશીપુર


રામપુર


સિદ્દીપેટ


રાંચી


ગોરખપુર



મિરઝાપુર


ઉદેપુર


કાનપુર


વારાણસી


પાયાનુર


નોઈડા

## ભાઈચારો બળવાન બનાવવાની યાત્રા: વારાણસી, ઉત્તર પ્રદેશ



વારાણસી, ઉત્તર પ્રદેશના સોનભદ્રા તાલુકામાં આવ્યું છે, જે વિંધ્યા પર્વતમાળામાં આવ્યું છે. ૨૩મી માર્ચના રોજ, વારાણસી સેન્ટરના ઉત્સુક કાર્યકરોએ પૂ.માસ્ટરનો પ્રેમ અને ભાઈચારાના સંદેશાનો આસપાસના સેટેલાઈટ સેન્ટરના અભ્યાસીઓમાં ફેલાવો કરવા તેમજ મજબૂત બનાવવા, બસ દ્વારા યાત્રા શરૂ કરી હતી. આ જૂથને સરસ આવકાર મળ્યો હતો અને તેનો સત્કાર પ્રશિક્ષક ભાઈ શ્રી રવિ જૈન અને ભાઈ શ્રી આર. કે. માલવિયાએ કર્યો હતો. આ જૂથે અડલહાટ, રોબર્ટગંજ, રેનુકુટ, શક્તિનગર અને દુધી સેન્ટરની મુલાકત લીધી હતી, જ્યાં સ્થાનિક તેમજ આસપાસના સેન્ટરના અભ્યાસીઓ દ્વારા આવકાર મળ્યો હતો. અડલહાટ અને રીહાન્ડનગરમાં હોમ ગેધરીંગ અને રોબર્ટગંજ, શક્તિનગર અને દુધી સેન્ટર માં સત્સંગ યોજવામા આવેલ હતા. આ બે દિવસની યાત્રા દરમ્યાન દરેક અભ્યાસીએ અનુભવ્યુ કે જાણે પૂ.માસ્ટર તેમની સાથે જ યાત્રા કરી રહ્યા છે. દરેક અભ્યાસીના હૃદયમા માસ્ટરની હાજરી અને પ્રેમ ધબકતો હતો. દરેક સેન્ટરના અભ્યાસી દ્વારા જે રીતના પ્રેમ અને લાગણી દર્શાવવામાં આવી રહ્યા હતા, તે અદભુત અને અવિસ્મરણિય છે.

## યુવકોના કાર્યક્રમ


### અમદાવાદ, ગુજરાત

૨૫ અને ૨૬ ફેબ્રુઆરી ના રોજ "યૌવન – આશાસ્પદતા અને સખત શ્રમનો સમય" વિષય ઉપર અમદાવાદ આશ્રમમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં સહભાગી થનાર સૌને નાના જૂથમાં વિભાજિત કરી, તેમને આશ્રમમાં કામ સોંપવામા આવ્યું હતું. ત્યારબાદ તેઓ મેદાનમાં રમતો રમ્યા, જેમાં જીતવાની હરીફ ભાવના કરતા આનંદની લાગણી વિશેષ હતી. મિશનની વિવિધ પવૃત્તિઓમાં યુવાનો કેવી રીતે તેમનું યોગદાન આપી શકે, તેના ઉપરનું પૂના સેન્ટર દ્વારા તૈયાર કરેલું વિડિયો પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવ્યું. રવિવારના સત્સંગ બાદ તેમને પૂ.માસ્ટરનો એક સંદેશ વાંચવા અને આત્મનિરિક્ષણ માટે આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વિડિયો ક્લીપ દર્શાવી, તેમાંથી આધ્યાત્મિક સાર શોધવા જણાવાયું હતું. સુરતના અભ્યાસી દ્વારા પૂજ્ય લાલાજી ના જીવન ઉપર એક લઘુનાટિકા રજૂ કરવામાં આવી હતી. સામાન્ય પ્રજામાં સહજ માર્ગની કેવી રીતે રજૂઆત કરવી અને તેની સમજ કઈ રીતે આપવી તે અંગે પણ યોગ્ય અને જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ બાદ સહભાગી યુવાનોમાં ભાઈચારાની તીવ્ર લાગણીનો અનુભવ થયો હતો.

### ભિલવાડા, રાજસ્થાન


૨૬ ફેબ્રુઆરી ના રોજ ૭ અભ્યાસીઓએ "પ્રેમ" વિષય ઉપર યુવાનો માટેના કાર્યક્રમમા ભાગ લીધો હતો. તેઓએ મિશનના પુસ્તકોના અંશ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા અને ચર્ચા કરી હતી. ૨૫મી ફેબ્રુઆરી ના રોજ આશરે ૯ અભ્યાસીઓએ ભેગા મળી સહજ માર્ગના યુવાનોમાં કેવી રીતે જાગૃતિ કેળવવી અને તેમને મિશનની વિવિધ પ્રવૃતિઓમાં કેવી રીતે સામેલ કરવા તેના ઉપાયો ઉપર ચર્ચા કરી હતી. તેમની વચ્ચેના બંધનને પ્રબળ બનાવવા, અઠવાડિક સત્સંગ પછી લઘુનાટિકા ભજવવા અને ઉનાળુ વેકેશનમાં પ્રવાસ યોજવા જેવા કાર્યક્રમોના સૂચનો મળ્યા હતા.

## નવીન પ્રકાશનો








'લવ એન્ડ ડેથ'ના તામિલ અનુવાદનું પુનઃમુદ્રણ.




હાર્ટસ્પીક ૨૦૧૧
અંગ્રેજી




હાર્ટસ્પીક ૨૦૧૦
DVD




બાબુજી ઈન શાહજહાનપુર
૧૯૭૧ – ૧૯૭૫
Mp3

હાર્ટસ્પીક શ્રેણીમાંના નવીન પુસ્તક, 'હાર્ટસ્પીક ૨૦૦૯', માં પૂ.માસ્ટરના વર્ષ ૨૦૦૯ દરમિયાન ભારતમાં આપેલા વકતવ્યો અને અનૌપચારિક ચર્ચાઓનો સમૂહ છે.




વ્હિસ્પર્સ
(પસંદ કરાયેલા સંદેશાઓ)
MP3




હાર્ટસ્પીક ૨૦૦૮

# આશ્રમ વિકાસ





## જયપુર, આંન્ધ્રપ્રદેશ

અદીલાબાદ જિલ્લાના જયપુર ખાતે, ૨૫મી જાન્યુઆરી, રવિવારના રોજ, પૂ.માસ્ટરે ધ્યાન ખંડનું ચેન્નાઈથી ઉદઘાટન કર્યું. તેમણે ૧૦ એકર જમીનમાં પ્રસરેલી આશ્રમની આ મિલકતની વિડિયો નીહાળી અને તેમના ઉદઘાટનની જાહેરાત બાદ, ૨૦૦ થી વધારે અભ્યાસીઓ શાંતિપૂર્વક ધ્યાન ખંડમાં દાખલ થયા અને સત્સંગ માટે બેઠા. ખંડની ક્ષમતા ૧૫૦૦ અભ્યાસીઓને સમાવવાની છે. કોલસાની ખાણોના પટ્ટાના ક્ષેત્રમાં આવેલા કેન્દ્રો જેવા કે ગોદાવરીખાની, માન્ચેરીઅલ, શ્રીરામપુર, મન્દામારી, બેલ્લમપ્લ્લી અને ગોલેતી કેન્દ્રોને હવેથી મિશનનો પોતાનો આશ્રમ ઉપયોગમાં લેવા માટે મળશે.

## બર્ગુર, તામિલનાડુ

ત્રીજી માર્ચના રોજ, આશરે ૫૦ અભ્યાસીઓની હાજરીમાં, ભાઈ એસ. પ્રકાશે (ઝેડ.આઈ.સી, ઉત્તર તામિલનાડુ) તામિલનાડુમાં, ક્રિષ્ણાગીરી પાસે અવેલા બર્ગુર ખાતેના આશ્રમનું ઉદઘાટન કર્યું. ત્યાર બાદ ત્યાં સત્સંગ કરવામાં આવ્યો અને અભ્યાસીઓની સંખ્યા વિશે તથા ગુણવત્તા કેવી રીતે સુધારવી તે વિશે ચર્ચા કરવામાં આવી.

## ચીખલી, મહારાષ્ટ્ર

ચીખલી ખાતે જમીન ૨૦૦૫માં ખરીદવામાં આવી હતી, અને ત્યાર બાદના વર્ષો દરમિયાન, ધ્યાન ખંડ, માસ્ટર કોટેજ અને રસોડાનું બાંધકામ કરવામાં આવ્યું હતું અને ઉદઘાટન માટે માસ્ટરની મુલાકાતની પ્રતિક્ષા કરાઈ રહી હતી. માસ્ટરની યાત્રાઓ ઉપર નિયંત્રણ આવી ગયું હોવાથી, આશ્રમના વીડીઓ સાથે, બાર અભ્યાસીઓનું એક જૂથ માસ્ટરને મળવા ગયું હતું. ૨૭મી ફેબ્રુઆરીના રોજ, આશ્રમને ઉદઘાટિત જાહેર કરાયો હતો. બધાના આશ્ચર્ય સાથે, ૨૯મી ફેબ્રુઆરીની સાંજે, માસ્ટર વીડીઓ કોન્ફરન્સ દ્વારા ચીખલી આશ્રમ સાથે જોડાયા. તેમણે અભ્યાસીઓ સાથે સ્થાનિક ભાષામાં વાત કરી અને ભાઈ નિવૃત્તિને સત્સંગ શરૂ કરવા જણાવ્યું. આ પ્રસંગે ચીખલી અને આસપાસના કેન્દ્રો જેવા કે બુલધાના, ખામગાંવ, કીન્હોલા અને દેઉલગાંવ ઘુબેથી આવેલા આશરે ૧૦૦ અભ્યાસીઓ હાજર હતા.

## દમણ

ઓક્ટોબર ૨૦૦૮ સુધી, દમણના અભ્યાસીઓને રવિવારના સત્સંગ માટે વાપી કેન્દ્ર ઉપર જવું પડતું હતું. નવેમ્બર, ૨૦૦૮માં માસ્ટરે ભાઈ શૈલેન્દ્રની પ્રશિક્ષક તરીકે નિમણૂંક કરી અને આશરે વીસ અભ્યાસીઓ માટે સત્સંગ ભાઈ એમ.એસ. પાંડેના નિવાસસ્થાને કરાતો હતો. અભ્યાસીઓનું સંખ્યાબળ પાંત્રીસ થતા, ભાઈ પાંડેએ તેમના નિવાસસ્થાનના પ્રથમ માળે, ધ્યાન ખંડ બાંધવા માટે તૈયારી દર્શાવી હતી. માર્ચ, ૨૦૧૨માં, ૧૬૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવાતા ધ્યાન ખંડનું બાંધકામ પૂરું થયું હતું. અભ્યાસીઓએ પંખા, ખુરશીઓ, ટેબલો અને પુસ્તકની છાજલીઓ માટે દાન આપ્યું.

૧લી એપ્રિલના રોજ, સુરતના સી.આઈ.સી અને ગુજરાતના ઝેડ.આઈ.સીની હાજરીમાં, આસપાસના કેન્દ્રોના અભ્યાસીઓના સંમેલન સાથે, નવા ધ્યાન ખંડનુ ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે, નેવું અભ્યાસીઓ તથા એકવીસ બાળકો હાજર રહ્યાં હતાં. ભાઈ અનિલ, ઝેડ.આઈ.સી ભાઈ રાજુભાઈ અને સુરેન્દ્રએ વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આસપાસના કેન્દ્રોના અભ્યાસીઓએ તેઓના કેન્દ્રના વિકાસ માટે કરાતી વિવિધ પવૃત્તિઓ જણાવી. કાર્યક્રમમાં અભ્યાસીઓ અને તેમના બાળકો દ્વારા ગવાયેલા ભજનો અને નૈતિક મૂલ્યો ઉપર એક નાટિકા સામેલ હતા.

## વીલ્લુપુરમ, તામિલનાડુ

વીલ્લુપુરમના અભ્યાસીઓના એક જૂથે, વીલ્લુપુરમ આશ્રમની જમીનના દસ્તાવેજો માસ્ટરને બતાવવા મણપાક્કમ આશ્રમની મુલાકાત લીધી. અસલ આયોજન મુજબ, સભ્યોની સંખ્યા નવ સુધી મર્યાદિત રાખવાનું નક્કી કરાયું હતું. પણ અન્ય જિગ્નાસુ અભ્યાસીઓ જેઓ પ્રેમસભર હૃદય સાથે પ્રતિક્ષા કરતા હતા, તેમને પણ માસ્ટરને મળવાની પરવાનગી આપવામાં આવી. માસ્ટરે વીલ્લુપુરમની મુલાકાત લેવાનું વચન આપ્યું અને તેમનાથી ત્યાં એક રાત્રીનું રોકાણ થઈ શકે તેમ છે કે નહીં, તેની પૂછપરછ કરી. તેમણે બાળકો સાથે પણ વાતચીત કરી. તેમણે આશ્રમનું બાંધકામ શરૂ કરવા માટે જણાવ્યું. માસ્ટરની મુલાકાત બાદ, અભ્યાસીઓ ભાવવિભોર થઈ ગયા અને તેમને આશીર્વાદ મળ્યા હોય, તેવું લાગ્યું.





## ઝોનલ આશ્રમ, બેંગ્લોર



બેંગ્લોરમાં, ઝોનલ આશ્રમ ખાતે, નવો ધ્યાન ખંડ તૈયાર થઈ ગયો છે. નવો ધ્યાન ખંડ, આ યુગના મહાન ગુરુજી બાબુજી મહારાજને આપણા માસ્ટર દ્વારા ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સમર્પિત કરવામાં આવ્યો છે. ધ્યાન ખંડ ૮૦ ફૂટ x ૧૨૦ ફૂટ ક્ષેત્રફળ વાળો છે અને ૨૦૦૦ અભ્યાસીઓને સમાવવાની ક્ષમતા ધરાવે છે. તે ખુલ્લી શૈલીનો, આસપાસની લીલોતરીને તથા સ્થાનિક આબોહવાને અનુરૂપ ખંડ છે. સવારે ૯ કલાકે અને સાંજે ૪ કલાકે સત્સંગો સહિત આખા દિવસના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં બેંગ્લોરથી અને તેની આપાસના કેન્દ્રોમાંથી આવેલા ૧૩૫૩ અભ્યાસીઓએ અને ૧૨૫ બાળકોએ હાજરી આપી. ભાઈ એ.પી. દુરાઈ, ભાઈ પ્રસન્ના, ભાઈ નાગરાજ અને ભાઈ વેંકટાદ્રી દ્વારા અપાયેલા પ્રસગો ચિત પ્રવચનો, અભ્યાસીઓને "ગુરુ અને લક્ષ્ય" તરફ અને આત્મનિરીક્ષણ તરફ દોરી ગયા. તાજેતરમાં નિમણુંક થયેલી એ.એમ.સી ટીમ માટે પણ આ આંખો ખોલનારો અને ગ્નાનવર્ધક અનુભવ હતો.

## આખા દિવસના કાર્યક્રમો

### ભિલવારા, રાજસ્થાન, (૪થી માર્ચ, ૨૦૧૨)

જૂના અને નવા અભ્યાસીઓના મિશ્ર જૂથે મિશનમાં જોડાવા માટેના વિવિધ કારણો, જેવા કે મનની શાંતિ, જીવન દરમિયાન અનુભવેલી સમસ્યાઓ માટેના ઉકેલો, સત્યની ખોજ અને ઈશ્વરની ખોજ, વિષયો પર ચર્ચા કરી. ત્યાર બાદ, તેમણે સાધના સાથે સંકળાયેલી સમસ્યાઓની અને અભ્યાસીઓમાં અંદરો–અંદર વિચારોની આપ–લે બાબતે સર્જાતી સમસ્યાઓની પણ ચર્ચા કરી.

ઘણાએ વ્યક્ત કર્યું કે તેમણે માસ્ટરની હાજરી કેવી રીતે અનુભવી અને આ સમસ્યાઓને પાર પાડવા તેમની મદદ કેવી રીતે મળી. ચર્ચાનો સાર તે હતો કે બિનશરતી પ્રેમ અને માસ્ટરની સહાય, એ અભ્યાસીઓને આ આધ્યાત્મિક રસ્તા ઉપર ટકી રહેવા માટેનું પ્રેરક બળ હતું. તેવી અપેક્ષા રાખવામાં આવી હતી કે કાર્યક્રમ તેમને માત્ર તેમની સમસ્યાઓના નિરાકરણમાં જ નહીં પણ માસ્ટર પ્રત્યે તેમની શ્રધ્ધા વધારવામાં, અને આ રીતે તેમના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવામાં પણ મદદરૂપ થશે.

### વિરુધુનગર આશ્રમ, તામિલનાડુ



"સંકલ્પ શક્તિની તાકાત" અને "હમણાં જ જાગો" વિષયો ઉપર સમૂહ ચર્ચા કરવા વિરુધુનગર અને તેની આસપાસના ઉપકેન્દ્રોમાંથી બાવન અભ્યાસીઓ ૧૮મી માર્ચના રોજ એકત્રિત થયા હતા. ચર્ચામાં "ગુરૂ અને લક્ષ્ય" પુસ્તકમાંથી માસ્ટરના અવતરણોનું વાંચન અને તે વિષેની સમજણ આપવાનું સામેલ હતું. તેઓએ સફાઈ અને બાગકામ જેવા સ્વયંસેવાના કાર્યોમાં પણ ભાગ લીધો. અભ્યાસીઓએ અનુભવ્યું કે આખા દિવસનો કાર્યક્રમ એ તેમના પ્રિય માસ્ટરની યાદમાં રહેવાની એક અદભુત તક હતી. .



### તિરુર આશ્રમ, કેરાલા (૨૫મી માર્ચ ૨૦૧૨)

તિરુર આશ્રમને નદીની અને ત્રણ બાજુએથી વિશાળ અરબી સમુદ્રની કુદરતી સૌદર્યની ભેટ મળેલી છે. તે રેલ્વે સ્ટેશનથી ૧૪ કિલો મીટરના અંતરે આવેલું છે. આ આશ્રમનું ઉદઘાટન ૪થી એપ્રિલ ૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ, દર રવિવારે આખા દિવસનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

૨૫મી માર્ચના રોજ, આશ્રમ ખાતે મહા પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આસપાસના પોન્નાની, માન્જેરી, પેરીન્થાલમન્ના, પટ્ટામ્બી અને વાલેનચેરી કેન્દ્રો બાળકો સહિત આશરે ૨૦૦ અભ્યાસીઓએ આ પર્વમાં ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત સવારે ૭:૩૦ કલાકે સત્સંગથી કરવામાં આવી હતી. "ત્રણ એમ" અને સહજ માર્ગમાં કૌટુંબિક જીવન વિષયો ઉપર પ્રવચનો કરવામાં આવ્યા હતા. પ્રવચનો ઘણાં માહિતી સભર હતાં અને ઘણાં અભ્યાસીઓએ આને તેમના કૌટુંબિક જીવનમાં ઉતારવાના અને પરિવર્તનોને અનુભવવાના દ્રઢનિશ્ચયો પણ કર્યા. બપોર પછી યુવા સભા રાખવામાં આવી હતી. તેઓએ દરેક મહીને વિવિધ આશ્રમો ખાતે યુવા સભા રાખવાનું નક્કી કર્યું હતું.

બાળકેન્દ્રમાં, બધા બાળકોએ સ્થળ ઉપર જાહેર કરાયેલ નાટિકામાં ભાગ લીધો. બાળકોને મૂલ્યો ઉપર આધારિત વાર્તાઓ કહેવામાં આવી. બાળકોને બે જૂથોમાં વહેંચી દેવામાં આવ્યા અને તેઓને કહેવામાં આવેલી વાર્તા ઉપરથી સ્થળ ઉપર જ નાટક ભજવવાનું કહેવામાં આવ્યું. બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમનું સમાપન સાંજના સત્સંગથી કરવામાં આવ્યું.

# વર્કશોપ અને સેમિનાર

## મુંબઈના અભ્યાસીઓ માટેનો સેમિનાર

ચેન્નાઈ, ૨૬મી ફેબ્રુઆરી થી ૩માર્ચ ૨૦૧૨



૨૬મી ફેબ્રુઆરીના દિવસે, મુંબઈ કેન્દ્રના, લગભગ ૫૦૦ અભ્યાસીઓ, ધ્યાન કક્ષમાં માસ્ટરને સત્સંગ કરાવતા અને લગ્નો કરાવતા જોઈને આનંદિત થઈ ગયા હતા. માસ્ટરની ભૌતિક હાજરીને જોવા કરતાં, તેમને અનુસરવા માટે હૃદયનો ઉપયોગ કરવા વિષે ભાઈ શ્રી કમલેશ પટેલ બોલ્યા હતા.

ભાઈચારો અને હૃદયવાણી વિષે વાર્તાઓ અને અરસપરસ ચર્ચા વિચારણા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન ભાઈ અલબર્ટો અને બહેન લલિતા શ્રીનિવાસન દ્વારા કરવામાં આવ્યું હતું. ભાઈ રાજગોપાલ દ્વારા સાધના ઉપર અને ભાઈ સોમકુમાર દ્વારા મિશનમાં સેવા, સતત સ્મરણ અને ભાઈચારા વિષે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ આયોજવામાં આવ્યો હતો.

૨૯મીની સાંજે પૂ.માસ્ટર, લગભગ ૫૦ નવા અભ્યાસીઓને તેમના કોટેજમાં મળ્યા હતા. તેમણે ૧લી માર્ચે, બધા જ અભ્યાસીઓ સાથે સમય પસાર કર્યો અને સાધનાની ગંભીરતાને સમજીને તેના ઉપર ભાર મૂકતાં, જ્યારે પણ સમય હોય ત્યારે ધ્યાન કરવા માટે કહ્યુ હતુ અને ટાઈમ મેનેજમેન્ટના મહત્ત્વ વિષે બોલ્યા હતા.

અભ્યાસીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર સાધનાને વધુ સમર્પિત બનાવતો અને આપણને આખરે તેઓ જેવા બનાવવા ઈચ્છે છે, તેવા બનવા માટે પ્રોત્સાહિત કરનારો હતો.

## ફેકલ્ટી ટ્રેનીંગ પ્રોગ્રામ



આર.કે પુરમ આશ્રમ, નવી દિલ્હી, ૨૩માર્ચ થી ૨૫ માર્ચ, ૨૦૧૨

સ્પીરીચ્યુઅલ ટ્રેનીંગ ડીલીવરી (એસ.પી.ડી) ટીમના વડા ભાઈ સંતોષ શ્રીનિવાસન દ્વારા ફેકલ્ટી ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણાબધા વર્કશોપનું આયોજન કરી અને મિશનના કાર્યકર્તાઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ એસ.પી.ડી. ટીમ દ્વારા અભ્યાસી ટ્રેનીંગને પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું અને 'સાધનાના મૂળભૂત સિધ્ધાંતો'ના નામે તેઓએ પ્રશિક્ષણના ભાગોના પહેલા સેટની રજૂઆત કરી હતી. આ વર્કશોપનું આયોજન વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓને, તેમના કેન્દ્રોમાં, અભ્યાસીઓને ટ્રેનીંગ આપવા માટે, ફેસિલિટેટર્સ તરીકે કાર્ય કરવા, તૈયાર કરવા માટે કરવામાં આવ્યું હતું.

ઉત્તરભારતના ૯, ૧૨ અને ૧૮ ઝોનમાંથી કુલ ૬૩ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૨૫મી માર્ચે ભાઈ કમલેશ પટેલ કે જેઓ તે દરમિયાન દિલ્હીમાં હતા, તેમણે પ્રતિનિધિઓને સંબોધ્યા હતા. મોટાભાગના પ્રતિનિધિઓએ જણાવ્યું કે આ વર્કશોપમાં ભાગ લેવાથી તેઓને ખૂબ જ ફાયદો થયો હતો.

## પ્રશિક્ષકો માટેઓ સેમિનાર



વડુગાપટ્ટી આશ્રમ, તામિલનાડુ

૧૬ અને ૧૭ માર્ચના, ત્રીચીના વડુગાપટ્ટી આશ્રમ ખાતે, ઉત્તર તામિલનાડુ ક્ષેત્રના ૬૮ પ્રશિક્ષકો માટે બે દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. "આધ્યાત્મિકતા દરેક માટે" ના વિષય ઉપર નો કાર્યક્રમ ઝેડ.આઈ.સી, ભાઈ એસ. પ્રકાશ દ્વારા સંચાલન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનો હેતુ, તે ચોક્કસ કરવા માટે હતો કે આ ઝોનમાં દરેક આધ્યાત્મિક આકાંક્ષીએ ૨૦૧૭ સુધીમાં એકાદ વખતતો સહજ માર્ગ વિષે સાંભળેલું હોવું જ જોઈએ.

આ વિષય ઉપર આક્રમક ચર્ચા વિચારણાનો કાર્યક્રમ આયોજવામાં આવ્યો હતો. ભાગ લેનારાઓને સમૂહમાં વહેંચવામાં આવ્યા અને આ વિષય ઉપર નાટિકા બનાવવાનું અને ભજવવાનું કહેવામાં આવ્યું હતું. આ નાટિકાઓ ખૂબ જ રમૂજી અને વિચારોમાં જાગૃતતા લાવનારી હતી.

બીજા દિવસે તે સમૂહે તાંજોર આશ્રમની મુલાકાત લીધી હતી, જ્યાં થોડા પ્રશિક્ષકોએ વકતવ્યો આપ્યાં હતા. ભાઈ એસ. પ્રકાશે, ટીમ વર્કની જરૂરિયાત અને લક્ષ્ય ઉપર ધ્યાન આપવા માટે વારંવાર કહ્યું હતું.

## મિશનના સાહિત્ય ઉપરનો વર્કશોપ, કર્ણાટક

મિશનનું સાહિત્ય વાંચવા પ્રોત્સાહન આપવા માટે, બેંગલોર કેન્દ્રના પબ્લીકેશન સ્વયંસેવકો દ્વારા, વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તે શિમાગો અને હન્સરમાં આયોજવામાં આવ્યો હતો.

૧૨મી ફેબ્રુઆરીના રોજ, શિમાગો ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિમાગો, ભદ્રાવતી,ન્યામતી અને મેંગ્લોર કેન્દ્રના ૩૨ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ૨૫મી માર્ચે હન્સર અને પેરિયાપટના ના લગભગ ૩૦ અભ્યાસીઓ, શાસ્ત્રી સ્કૂલ, ઓડિટોરિયમ, હન્સર ખાતે ભેગા થયા હતા.

બંને જગ્યાના અભ્યાસીઓને મિશનના પુસ્તકને વાંચવા અને આપણા માસ્ટર દ્વારા કહેલી કોઈ વાર્તા પસંદ કરવાનું કહેવામાં આવ્યું હતું. આપણી સાધનાના એક ભાગ રૂપે આપણે મિશનનું સાહિત્ય દરરોજ, હેતુ સાથે અને ધ્યાનપૂર્વક વાંચવુ જ જોઈએ, તે બાબત ઉપર ધ્યાન દોરવામાં આવ્યું.

અભ્યાસીઓને સમૂહમાં વહેંચવામાં આવ્યા અને તેમના દ્વારા પસંદ કરાયેલી વાર્તાઓ વાંચવા, તે વાર્તામાં રહેલા મૂલ્યની, તે દૈનિક જીવનમાં ઉતારી શક્યા છે કે કેમ અને જો નહીં તો, તે પડકારો શું હતા અને તેને દૈનિક જીવનમાં ઉતારવા, તેનો કેવી રીતે સામનો કર્યો તે વિષે ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું હતું.

ત્યારબાદ, માસ્ટરના વકતવ્યોમાંથી થોડા થોડા ભાગની વિડિયો બતાવવામાં આવી હતી. બધા જ અભ્યાસીઓએ ઉત્સાહ સાથે અને સક્રિય રીતે વર્કશોપમાં ભાગ લીધો અને લાભ મેળવ્યો. ત્યાં મિશનના સાહિત્યના વેચાણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### બાળકો માટેનો સ્પોર્ટસ ડે –બી.એમ.એ., મણાપક્કમ, ચેન્નાઈ

પહેલી એપ્રિલ, ૨૦૧૨ના રોજ, બાબુજી મેમોરિયલ આશ્રમ ખાતે બાળકો માટે સ્પોર્ટસ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬ થી ૮ વર્ષ, ૮ થી ૧૦ વર્ષ અને ૧૦ થી ૧૨ વર્ષ ના ૩ જુદા જુદા ઉંમર પ્રમાણેના સમૂહમાં લગભગ ૧૬૦ બાળકોએ વિવિધ રમતોની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જુદી જુદી રમતો જેમ કે લીંબુ ચમચાની હરિફાઈ, કપલ રેસ, ફ્રોગ જમ્પ, લકી કોર્નર અને એના જેવી બીજી રમતોનું આયોજન, રમતોના મેદાનમાં સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધીમાં કરવામાં આવ્યું હતું. બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક બધી જ રમતોમાં ભાગ લીધો અને ખૂબ જ આનંદ માણ્યો. કાર્યક્રમની શરૂઆત બાળકો અને સ્વયંસેવકોએ પ્રાર્થના સાથે કરી હતી. ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.



## સ્વયંસેવકો માટેનો વર્કશોપ



### વેલ્લૂર, તામિલનાડુ

૨૫ અને ૨૬ ફેબ્રુઆરીના રોજ વેલ્લૂર ખાતે, સ્વયંસેવકો માટેનો વર્કશોપ રાખવામાં આવ્યો અને વેલ્લૂર કેન્દ્રના લગભગ ૪૦ અભ્યાસીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનો હેતુ, સ્વયંસેવકોને તેમની સાધના માટે પ્રોત્સાહિત કરવાનો, ટીમ વર્ક અને વ્યવહારુ રીતે હૃદયથી જોડાયેલા રહેવા માટેના મહત્વને સમજાવવાનો હતો. સામુહિક ચર્ચા વિચારણા માટે ચાર વિષયો આપવામાં આવ્યા હતા. તેઓને સાંભળવાના મહત્વ ઉપર ભાર મૂકવાની શરતે માહિતિની આપલે માટેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. પૂરા કાર્યક્રમ દરમિયાન વાતાવરણ દિવ્ય હતું..

### સંમેલન, સવાઈ–માધોપુર

૩જી માર્ચે, સવાઈ માધોપુરના બધા જ અભ્યાસીઓ, સહજ માર્ગના અભ્યાસ અને પ્રશ્નોત્તરી સ્પર્ધા ઉપરના કાર્યક્રમ માટે ભેગા થયા. આ કાર્યક્રમનું આયોજન ભાઈ અયોધ્યા પ્રસાદે કર્યું હતું અને સંચાલન જયપુર કેન્દ્રના ભાઈ સંદીપે કર્યું હતું. અભ્યાસીઓ બે સમૂહમાં વહેંચાઈ ગયા. દરેક ગૃપ સહજ માર્ગ સાધનાના ઉચ્ચ મૂલ્યો દર્શાવતા હતા. આખો કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ હતો અને પ્રશ્નોત્તરી માટેની માહિતી માસ્ટરના વકતવ્યોમાંથી લેવામાં આવી હતી. સારી રીતે આયોજિત થયેલા હોમ ગેધરીંગ માટે સ્થાનિક અભ્યાસીઓ પ્રોત્સાહિત થયાં હતાં.

## સ્પીરીચ્યુઆલીટી અને મેડીકલ પ્રેકટીસ

### કસરગોડ, કેરાલા–૧૧ માર્ચ, ૨૦૧૨

'સ્પીરીચ્યુઆલીટી એન્ડ મેડીકલ પ્રેકટીસ' ઉપરનો સેમિનાર, ૧૧મી માર્ચે, બેલા, કસરગોડ ખાતે રાખવામાં આવ્યો હતો. કાલીકટથી કસરગોડ સુધીના ૧૪ ડોકટરોએ આ સેમિનારમાં ભાગ લીધો હતો, જેનું આયોજન ડોકટરોને મેડીકલ શિક્ષણમાં આધ્યાત્મિકતાનું મહત્વ સમજાવવા માટે કરવામાં આવ્યું હતું. વર્તમાનમાં ઈલાજ, ફક્ત રોગના ઈલાજ પૂરતો જ મર્યાદિત છે અને રોગીનો વ્યક્તિ તરીકે વિચાર કરવામાં આવતો નથી. ડોકટર કેટલી આવક ઊભી કરી શકાશે તે વિષે વિચારે છે અને દર્દી થનાર ખર્ચ વિષે ચિંતિત હોય છે. જો ડોકટર ઈચ્છે, તો તે દર્દીના વર્તનમાં હકારાત્મક અભિગમ લાવી શકે છે અને તેને આધ્યાત્મિકતા વિષે જણાવી શકે છે.

## નિબંધલેખન કાર્યક્રમ પ્રમાણપત્ર વહેંચણી


બેલ્લારી, કર્ણાટક

ભારતના જુદાજુદા કેન્દ્રોમા, વાર્ષિક નિબંધલેખન કાર્યક્રમ, ૨૦૧૧ મા ભાગ લેનાર અને વિવિધ વિભાગોમા વિજેતા થનારને પ્રમાણપત્ર વહેંચણી માટે સમારંભો યોજવામાં આવ્યા હતા. ઉત્તર કર્ણાટકના બેલ્લારી, ગુલબર્ગા, હુબલી અને બીડર, તામિલનાડુના તુતિકોરીન, તિરુચેન્ડુર, કોવિલપટ્ટી, ઉંટી અને તિરૂપુર, ગુજરાતના ભુજ, મહેસાણા અને વડોદરા અને ઝારખંડના રાંચી જેવા કેન્દ્રોમાં ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ, ૨૦૧૨ માં સમારંભો યોજવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને શિક્ષકોને આમંત્રિત કરવામાં આવેલા અને જુદાજુદા વિભાગના વિજેતાઓને પ્રમાણપત્ર વહેંચવામાં આવ્યા હતા. નિબંધલેખન કાર્યક્રમ યોજવાનો મુખ્ય ઉદ્દેશ અને મિશનની વિવિધ પ્રવૃત્તિ અંગે તેમને માહિતગાર કરવા ટૂંકમાં સહજ માર્ગ સાધના પધ્ધતિનો પરિચય આપવામાં આવ્યો હતો. જેમને વધારે જાણવાની ઉત્સુકતા હતી, તેમને મિશનનું સાહિત્ય પૂરું પાડવામાં આવ્યું હતું.


હુબલી, કર્ણાટક


તિરુપુર, તામિલનાડ


તુતિકોરીન, તામિલનાડ


કોવિલપટ્ટી, તામિલનાડ


બીડર, કર્ણાટક


વડોદરા, ગુજરાત


ભુજ, ગુજરાત


ઊટી, તામિલનાડ



મહેસાણા, ગુજરાત


ગુલબર્ગા, કર્ણાટક


રાંચી, ઝારખંડ

# પ્રકાશનું કેન્દ્ર

## વિજયવાડા આશ્રમ, આંધ્ર પ્રદેશ



**૨૫ મે, ૧૯૬૭ ના રોજ ધ્યાન કક્ષના ઉદઘાટન પ્રસંગે બાબુજીએ આપેલો સંદેશ**

"આપણા પૂર્વજોએ, તેમના કુટુંબીજનો અને બીજાઓ સાથેના દુનિયાના બધા જ સંબંધો તોડીને, સાક્ષાત્કારનો રસ્તો, જંગલોમાં જઈને શોધવાનો પ્રયત્ન કર્યો હતો. આપણે સહજ માર્ગ પધ્ધતિમાં આ જ વાતાવરણ આપણી આજુબાજુ, આપણા ઘરમાં જ ઊભું કરવાનો પ્રયત્ન કરીએ છીએ, જેથી જંગલમાં જવાનો હેતુ પાર પડે."

આ ક્ષેત્રના અભ્યાસીઓનું પાંચ દાયકા પૂર્વેનું ભારતના જૂના કેન્દ્રોમાંનું એક, વિજયવાડા આધ્યાત્મિકતાનું સશક્ત કેન્દ્ર બન્યું છે. ૧૯૫૯માં તે અસ્તિત્વમાં આવ્યું હતું. જ્યારે બાબુજી મહારાજે આ શહેરની મુલાકાત લીધી હતી, ત્યારે ફક્ત અડધો ડઝન જેટલા અભ્યાસીઓ હતા. ૧૯૬૩માં બાબુજીએ ફરીથી આ કેન્દ્રની મુલાકાત લીધી હતી. ત્રણ દિવસ માટે બાબુજી ત્યાં રહ્યા હતા અને સત્સંગ કરાવ્યા હતા. ૨૫મી મે ૧૯૬૭ ના દિવસે તેમણે પ્રશિક્ષક ડો.વી. પાર્થસારથીના ઘરના પહેલા માળે ધ્યાન કક્ષનું ઉદઘાટન કર્યું હતું. જ્યારે આ ક્ષેત્રમાં વાવાઝોડાએ વિનાશ કર્યો હતો, ત્યારે બાબુજી મહારાજ પણ વિજયવાડામાં હતા.

૧૬મી મે, ૧૯૭૨ ના રોજ ભાઈ સુન્કારા વેન્કટપૈયાએ શહેરના મુખ્ય વિસ્તારમાં ૧૬૭૨.૨૬ સ્કવેર.મી. જગ્યા દાનમાં આપી હતી. આશ્રમ મુખ્ય રસ્તા ઉપર છે અને સેન્ટ્રલ બસ સ્ટેશનથી અને રેલ્વે સ્ટેશન, બન્ને જગ્યાએથી ફક્ત ૪ કિ.મી.ના અંતરે છે. ૧૮મી માર્ચ, ૧૯૮૭ ના રોજ, ૪૨૦ સ્કવેર મી માં ધ્યાન કક્ષ માટે, કાર્યાલય માટે, ડોર્મેન્ટરી અને માસ્ટર કોટેજ માટે શિલારોપણનો પથ્થર પૂ.માસ્ટર દ્વારા મૂકવામાં આવ્યો હતો. અલ્હાબાદના ડો. ચંદ્રિકા પ્રસાદ દ્વારા ૨૪મી જુલાઈ, ૧૯૯૫ના રોજ તેનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. માસ્ટરે ૨૨, ૨૩ અને ૨૪ ડિસેમ્બર, ૨૦૦૨ ના રોજ આ સેન્ટરની ત્રણ દિવસની મુલાકાત લીધી હતી. રાજ્યના વિવિધ ભાગોમાંથી અભ્યાસીઓ હાજર રહ્યા હતા અને માસ્ટરની કૃપા મેળવી હતી.



૨૦૦૫ના વર્ષમાં સુંદર પરસાળ સાથે ધ્યાન કક્ષ માટે પહેલો માળ ઉમેરવામાં આવ્યો હતો. ત્યાર પછી ધ્યાન કક્ષની બરાબર પાછળ, સહજ માર્ગ સ્પીરીચ્યુઅલ ફાઉન્ડેશન માટે ૨૮૪ ચો.મી.નું ઓટલા સાથેનું મકાન ખરીદવામાં આવ્યું હતું. તેનો હેતુ બાંધકામને પૂર્ણ બનાવવા માટે કીચન અને લાઈબ્રેરી ઉમેરવાનો હતો.




એસ.એમ.એસ.એફ માંના મેડિકલ કેન્દ્ર પાસે જરૂરી દવાઓ રહેતી અને દરેક રવિવારે, મોટી સંખ્યામાં અભ્યાસીઓ અને સ્થાનિક લોકો, સેવા માટે ઉપસ્થિત ડોક્ટરોની સેવાનો ઉપયોગ કરતા હતા. દર્દીઓને દવાઓ મફતમાં આપવામાં આવતી હતી.



સવારનો સત્સંગ આશ્રમમાં દરરોજ થતો હતો અને સાંજનો સત્સંગ રવિવારે અને બુધવારે થતો હતો. લગભગ ૨૫૦ અભ્યાસીઓ રવિવારના સત્સંગમાં આવતા હતા. આ કેન્દ્ર દ્વારા ઓપન હાઉસ, અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ અને વી.બી.એસ.ઈની પ્રવૃત્તિઓનું નિયમિતપણે આયોજન કરવામાં આવતું હતું. દરેક રવિવારે આકાંક્ષીઓ માટે વેલકમ ડેસ્કનું અને નવા અભ્યાસીઓના સ્પષ્ટીકરણ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. યુવાનોની નિયમિતપણે આદાનપ્રદાનની પ્રવૃત્તિ એક સારી બાબત છે.



આ કેન્દ્ર આશ્રમના મકાનના બાંધકામને વિસ્તારવાની યોજના બનાવે છે.

જ્યારે મિશનને સમર્થનની જરૂર પડી ત્યારે આ કેન્દ્રએ આખા જીલ્લામાં સતત માસ્ટરના સંદેશાઓને વહેતા કર્યા છે.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.